### સ્ત્રી જ બની અન્ય સ્ત્રીની સારથિ

# મિશન મંગલમ યોજના અંતર્ગત મણિબહેનનો સરાહનીય પ્રયાસ

નમ્રતા દવે

સ્ત્રીઓમાં પડેલાં સામર્થ્યને સાબિત કરી સાચા અર્થમાં સશક્તિકરણ કરવાના હેતુસર ગુજરાત સરકાર દ્વારા શરૂ થયેલા એક અનોખા અભિયાન "મિશન મંગલમ", એ સ્ત્રીઓને સ્વનિર્ભર જ નહી તેમનામાં પડેલી શક્તિઓને બહાર લાવવાનું જે મિશન હાથ ધર્યુ છે તે ખરા અર્થમાં મંગળકારી પુરવાર થઈ રહ્યું છે.

સમગ્ર ગુજરાતમાં છેવાડાના ગામડાં સુધી મિશન મંગલમની આ યોજનામાં લાખો ગરીબ બહેનો આર્થિક પ્રવૃત્તિ સાથે જોડાઈ છે. બહેનોના બહોળા કારોબારને શ્રેષ્ઠ માર્ગદર્શન પૂરું પાડવાનું કામ ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી. દ્વારા કરવામાં આવી રહ્યું છે.





વડોદરા જિલ્લાના કવાંટ તાલુકામાં છેલ્લા અઢી વર્ષથી જીએલપીસીમાં કલસ્ટર કોઓર્ડિનેટર તરીકે મણીબહેન વણકર સાચા અર્થમાં ફરજ બજાવી રહ્યા છે. મણિબહેને કલસ્ટર કોઓર્ડિનેટર તરીકે ફરજ બજાવી, અંતરિયાળ ગામોમાં જઈને ગ્રામીણબહેનો સાથે સીધો સંપર્ક રાખી તેમને મિશન મંગલમની યોજનાથી માહિતગાર કર્યા છે.

આ ઉમદા હેતુને સાર્થક કરનાર આ કલસ્ટર કોઓર્ડિનેટર મણિબહેન વણકર સાતેક ગામડાંની કામગીરી બજાવી રહ્યા છે. જેમાં ખેરકા, વીજળી, ડેરી, રંગપુર, લાલપુર બગલિયા અને ઉંચેડા આ સાતેસાત ગામડાની કામગીરી કરવાની ઉત્તમ શરૂઆત અને અથાગ પ્રયાસને પરિણામે આજે ત્યાંના ૨૮ જેટલા સખી મંડળની મિશન મંગલમમાં જોડાયેલી બહેનોને ૨૧ લાખથી વધુ રકમની કેશક્રેડીટ અપાવી સૂક્ષ્મધીરાણ કરાવ્યું છે. કલસ્ટર કોઓર્ડિનેટર તરીકેની શ્રેષ્ઠ ફરજ બજાવનાર મણિબહેને ૧૯ જેટલા જૂના જૂથ એટલે કે સખી મંડળની બહેનોને તથા ૧૦ નવા જૂથને આ સંપૂર્ણ યોજનાની સમજ આપી ગુજરાત સરકાર દ્વારા સહાયરૂપ નાણાંકીય સૂક્ષ્મધિરાણ અપાવ્યું છે.

મણિબહેન જણાવે છે કે એક મંડળમાં ૧૨ સભ્યો હોય તો ૧ બહેનના ભાગે ૧૦ હજાર આવે તે રીતે ૧,૨૦,૦૦૦/ અંકે રુપિયા એક લાખ વીસ હજારની લોન બિયારણ માટે અપાવી છે. મંડળની તમામ બહેનોને પણ મણિબહેનના માર્ગદર્શન હેઠળ ખેતીનો પાક ઉતરે ત્યારે સીઝનમાં લોનને વ્યવસ્થિત રીતે ભરપાઈ પણ કરે છે. ગત વર્ષે સખી મંડળની બહેનોને આ જ રીતે સૂક્ષ્મધિરાણ અંતર્ગત ભેંસો પણ અપાવી. મિશન મંગલમના આ ઉમદા આશયની ગ્રામીણ બહેનોને સમજ આપી, બહેનો માટે ખાસ કેશક્રેડીટની સુવિધા છે કે જે બહેનો માટે ખૂબ જ લાભદાયી છે.

મણિબહેન કહે છે "આ સમગ્ર પ્રક્રિયામાં બહેનોને એકત્રિત કરવી, નિયમિત બેઠક યોજવી, બચત કરતા શીખવવું, હિસાબકિતાબ તથા તેના ચોપડા નિભાવવા, ત્યારબાદ કેશક્રેડીટની સમજ આપવા જેવી બાબતો હોય છે. પોતાના કાર્યક્ષેત્રને યોગ્ય રીતે સમજી બહેનોના જીવનમાં એક નવી શક્તિ પ્રદાન કરવામાં મણિબહેનનો ખૂબ મોટો ફાળો કહી શકાય.

મણિબહેને પોતાની કામગીરીમાં પડતી મુશ્કેલીઓ વિશે જણાવતા કહ્યું કે તાપ હોય કે ઠંડી કે પછી વરસાદ બહેનો સાથેનો સંપર્ક જાળવવા તથા ગ્રામીણ વાતાવરણમાં જ રહેતી બહેનોને સંગઠિત કરવાનું કામ કપરું તો છે... સાથે સાથે બેંકોનો મંડળો પર વિશ્વાસ સંપાદન કરવો અને ટકાવવો એ કઠિન કાર્ય હોવા છતાં તે કરી બતાવ્યું છે.

પોતાના કાર્યક્ષેત્રની કામગીરીને યોગ્ય રીતે સમજી નિશ્ચિત ધ્યેય સાથે કામ કરી રહેલા મણિબહેને ૨૯ જેટલા મંડળને ૨૧ લાખથી વધુ કેશક્રેડીટ અપાવીને ગુજરાત સરકારના મિશન મંગલમની યોજનાના સિધ્ધાંતને સાર્થક જ નહિ, બહેનોને તેમના જીવનની યોગ્ય દિશા પણ ચીંધી છે. તે રીતે જોતા તો કહી શકાય કે સ્ત્રી ધારે તો કપરાંમાં કપરું કાર્ય પણ સિધ્ધ કરી શકે.

સ્ત્રીસશક્તિકરણના અભિયાન "મિશન મંગલમ"માં એક સ્ત્રી જ અન્ય સ્ત્રીની સારથિ બની, પથદર્શક બનવાનો સરાહનીય પ્રયાસ કર્યો છે.